

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

વડોદરા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૧૧ * * * સંવત ૨૦૮૩ કારતક સુદ ચૌદસ, સોમવાર ૨૩ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

ચીને અદ્યતન AI ચિપ્સ માટે બે વર્ષ સુધી જાસૂસી અભિયાન ચલાવ્યું

એલિસ હુઆંગ તો માત્ર મહોરું : એનવીડિયા ચીપ્સની દાણચોરીનો ખરો ભેજાબાજ એક ચીની પુરુષ હતો

લી મિંગ નામનો આ શખ્સ અમેરિકાના નિકાસ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરીને એનવીડિયાની અદ્યતન એઆઇ ચીપ્સ ચીન મોકલવાનું નેટવર્ક ચલાવતો હતો

મેગાસ્પીડ કંપનીની કામગીરીમાં પણ મહત્વની ભૂમિકા ભજવતો હતો, સિંગાપોરમાં તેની સામે ગુનો દાખલ થયો છે

ન્યૂયોર્ક, સિંગાપોર, તા. 22 : એલિસ હુઆંગ, જેને એનવીડિયાના ભૂતપૂર્વ સીઇઓ જેન્સેન હુઆંગ સાથે અફેર હતું અને અમેરિકી સત્તાવાળાઓને તેમના ચીની ગુપ્તચર તંત્ર સાથે સંબંધો હોવાની શંકા હતી, તે સિંગાપોર સ્થિત કંપની 'મેગાસ્પીડ'નો માત્ર જાહેર ચહેરો હતી. આ કંપની પર ચીનને પ્રતિબંધિત AI ચિપ્સ પૂરી પાડવાનો આરોપ છે, જ્યારે પડદા પાછળ એક ચીની ઉદ્યોગપતિ આ દાણચોરીનું નેટવર્ક ચલાવતો હોવાનું કહેવાય છે, તેવો અહેવાલ 'ધ વોલ સ્ટ્રીટ જર્નલ' દ્વારા આપવામાં આવ્યો છે.

અહેવાલ મુજબ, પર વર્ષીય લી મિંગ તરીકે ઓળખાતા કથિત મુખ્ય સૂત્રધારે અમેરિકી નિકાસ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરીને એનવિડિયાની અદ્યતન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) ચિપ્સ ચીનમાં ગેરકાયદેસર રીતે મોકલવામાં સામેલ કંપનીઓનું નેટવર્ક ચલાવ્યું હતું. એલિસ હુઆંગ વરિષ્ઠ એક્ઝિક્યુટિવ પદ પર હોવા છતાં, લી મેગાસ્પીડની કામગીરી અને મહત્વપૂર્ણ વ્યવસાયિક નિર્ણયોમાં ઊંડાણપૂર્વક સામેલ હતો. અહેવાલમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે તે એનવિડિયા ચિપ્સનો વેપાર કરતી અન્ય ઘણી કંપનીઓ સાથે પણ જોડાયેલો હતો. એનવિડિયા સંચાલિત

...અનુસંધાન પાના 2 પર

વૈશ્વિક ચીપ્સ ઉદ્યોગ અંગે ગુપ્ત માહિતી ભેગી કરવા ચીની ગુપ્તચર તંત્રએ પ્રાથમિકતા આપી છે : ન્યૂયોર્ક ટાઈમ્સનો અહેવાલ

ઝુંબેશ જિનપિંગ દ્વારા ટેકનોલોજીકલ સ્વ-નિર્ભરતા પ્રાપ્ત કરવા અને અમેરિકી પ્રતિબંધોને દૂર કરવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ

ચીનની ગુપ્તચર એજન્સીએ અદ્યતન ચિપ્સ મેળવવા અને વૈશ્વિક સપ્લાય ચેઇન્સને મેપ કરવા માટે ઝુંબેશ શરૂ કરી હોવાના અહેવાલ

ન્યૂયોર્ક, તા. ૨૨(પીટીઆઈ): 'ન્યૂયોર્ક ટાઈમ્સ'ના એક અહેવાલ મુજબ, ચીનની ગુપ્તચર એજન્સીએ અદ્યતન સેમિકન્ડક્ટર ચિપ્સ મેળવવા અને વૈશ્વિક ચિપ ઉદ્યોગ પર ગુપ્ત માહિતી એકત્ર કરવાની કામગીરીને પ્રાથમિકતા આપી છે. પશ્ચિમી દેશોના નિકાસ પ્રતિબંધોને પહોંચી વળવા માટે તે ઓછામાં ઓછા બે વર્ષથી એક વિશેષ અભિયાન ચલાવી રહી છે.

હુઆંગની પરિવાર સાથે જોડાયેલી કંપનીઓ અને ચીનનો સંરક્ષણ ઉદ્યોગ

20 નવેમ્બરના રોજ થયેલી તપાસમાં એલિસ હુઆંગના પરિવાર, એનવીડિયા ભાગીદારો અને ચીનના સંરક્ષણ ઉદ્યોગ સાથે સંકળાયેલા વ્યવસાયો સાથે જોડાયેલી કંપનીઓ વચ્ચેના સંબંધોની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. અહેવાલ મુજબ, એલિસ હુઆંગની બહેન, હુઆંગ યુ, અને રોકાણકાર કાંગ વેઈ, જેમને અખબારે હુઆંગના બિઝનેસ પાર્ટનર તરીકે વર્ણવ્યા હતા અને જેમને ઘણીવાર તેમના પતિ તરીકે રજૂ કરવામાં આવતા હતા, તેમના ડેટા સેન્ટર વ્યવસાયમાં સામેલ ઘણી કંપનીઓ સાથે સંબંધો હતા. આવી જ એક કંપની, શાંઘાઈ સ્થિત સેન્ચ્યુરી લિટોંગ, 2023 માં સેન્ચ્યુરી લોંગટેંગ દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી, જે એક ડેટા સેન્ટર ઓપરેટર હતી જેમાં હુઆંગ યુ દ્વારા નિયંત્રિત એક રોકાણ પેઢી 27 ટકા હિસ્સો ધરાવતી હતી. અહેવાલ મુજબ, કાંગ ફેબ્રુઆરી 2022 થી સેન્ચ્યુરી લોંગટેંગના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા હતા.

એશિયા, અમેરિકા અને યુરોપના વર્તમાન અને ભૂતપૂર્વ સુરક્ષા તથા ગુપ્તચર અધિકારીઓને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે, ચીનના 'મિનિસ્ટ્રી ઓફ સ્ટેટ સિક્યુરિટી' એ તેના વડા ચેન યિક્સિનના નેતૃત્વ હેઠળ એક કાર્યકારી જૂથની રચના કરી છે. આ જૂથનું કામ સેમિકન્ડક્ટર ક્ષેત્ર અને તેની સપ્લાય ચેઈન પર ગુપ્ત માહિતી એકત્ર કરવા ઉપરાંત, ચીની કંપનીઓને અદ્યતન ચિપ્સ મેળવવામાં અને તેની દાણચોરી કરીને દેશમાં લાવવામાં મદદ કરવાનું છે.

આ ખુલાસા એવા સમયે સામે આવ્યા છે જ્યારે ચીની મહિલા ઉદ્યોગપતિ એલિસ હુઆંગ અમેરિકી તપાસના ઘેરામાં છે. અમેરિકી અધિકારીઓનો આરોપ છે કે તે એનવીડિયાના સહ-સ્થાપક અને ભૂતપૂર્વ મુખ્ય કારોબારી અધિકારી(CEO) જેન્સન હુઆંગની જાસૂસી કરવા માટે ચીની ગુપ્તચર એજન્સી સાથે મળીને કામ કરી રહી હતી.

શનિવારના અહેવાલ મુજબ, MSS ઝુંબેશ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ દ્વારા ટેકનોલોજીકલ સ્વ-નિર્ભરતા પ્રાપ્ત કરવા અને યુએસ અને તેના સાથી દેશો દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને દૂર કરવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, શી દ્વારા 2023 માં સ્થાપિત અને પોલિટબ્યુરો સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય ડિંગ ઝુએક્સિયાંગના નેતૃત્વ હેઠળનું સેન્ટ્રલ સાયન્સ એન્ડ ટેકનોલોજી કમિશન, કમ્યુનિસ્ટ પાર્ટી સ્તરે આ પ્રયાસનું સંકલન કરી રહ્યું છે.

ગુરુ નાનકની જન્મજયંતિ માટે 2,300થી વધુ ભારતીય શીખ યાત્રાળુ પાકિસ્તાન પહોંચ્યા



લાહોર, તા. 22 (PTI) : શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક દેવની 557મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લેવા માટે રવિવારે વાઘા સરહદ મારફતે 2,300થી વધુ ભારતીય શીખ યાત્રાળુઓ પાકિસ્તાન પહોંચ્યા હતા.

સરહદ પર ઇવેક્યુઇ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ (ઈટીપીબી)ના ચેરમેન કમર ઝમાન, પંજાબના લઘુમતી મંત્રી અને પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (પીએસજીપીસી)ના પ્રમુખ સરદાર રમેશ સિંહ અરોરા તેમજ અન્ય અધિકારીઓ દ્વારા યાત્રાળુઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઈટીપીબીના પ્રવક્તા આમિર હાશમીએ જણાવ્યું હતું કે, આશરે 2,339 ભારતીય યાત્રાળુઓ લાહોર પહોંચ્યા છે. આ પ્રસંગ માટે પાકિસ્તાન સરકારે 3,000થી વધુ વિઝા જારી કર્યા હતા. આ યાત્રાળુઓ 1 ડિસેમ્બરે ભારત પરત ફરતા પહેલા પાકિસ્તાનમાં કરતારપુર સાહિબ સહિતના અનેક ઐતિહાસિક શીખ ધર્મસ્થળોની મુલાકાત લેશે.


ઇમિગ્રેશન અને સામાનની તપાસની પ્રક્રિયા સરળ બનાવવા

...અનુસંધાન પાના 2 પર

ભાજપ, આરએસએસ અસભ્ય, પુરુષવાદી છે : રાહુલના ફરીથી પ્રહારો

આ વખતે કોંગ્રેસ નેતાએ એલિફન્ટા ગુફાઓમાંની અર્ધનારેશ્વરની એક મૂર્તિનો ફોટો સોશિયલ મીડિયા પર મૂક્યો

'મમ્મી પપ્પાના ખોળામાં બેસતા' ટિપ્પણી પર ભાજપ નેતાઓની ટીકા સામે નવેસરથી પ્રહારો કર્યા



નવી દિલ્હી, તા. 22 (PTI): કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે ભગવાન શિવ અને દેવી પાર્વતીના 'અર્ધનારીશ્વર' સ્વરૂપને દર્શાવતી એક મૂર્તિની તસવીર શેર કરતા આરોપ લગાવ્યો હતો કે ભાજપ અને આરએસએસ 'અસભ્ય, લોભી, જાતિવાદી પુરુષવાદી' છે અને તેમને આપણી આધ્યાત્મિક અને ધાર્મિક પરંપરાઓની બિલકુલ સમજ નથી.

ગાંધીની આ ટિપ્પણી તેમની માતા સોનિયા ગાંધીના સંસ્મરણ 'બિલોંગિંગઃ અ જર્ની ઓફ લવ'ના વિમોચન સમયે કરવામાં આવેલી 'જમતી વખતે મમ્મી પપ્પાના ખોળામાં બેસતા હતા' તેવી ટિપ્પણી પર થયેલા પ્રહારોના થોડા દિવસો બાદ આવી છે. લોકસભાના વિપક્ષના નેતા ગાંધીએ 'X' પર જણાવ્યું હતું કે, 'હું ભારતીય આધ્યાત્મિક અને ધાર્મિક પરંપરાઓમાં જેટલો ઊંડો ઉતરું છું, તેટલું વધુ સ્પષ્ટ થાય છે. ભાજપ અને આરએસએસ અસભ્ય, લોભી, જાતિવાદી પુરુષવાદી છે અને તેમને આપણી આધ્યાત્મિક અને ધાર્મિક પરંપરાઓની બિલકુલ સમજ નથી.' ગાંધીએ એલિફન્ટાની ગુફાઓમાંથી એક મૂર્તિની તસવીર શેર કરી હતી, જેમાં ભગવાન શિવ અને દેવી પાર્વતીને 'અર્ધનારીશ્વર' તરીકે એકરૂપ દર્શાવવામાં આવ્યા છે. અર્ધનારીશ્વર એ ભગવાન શિવ અને દેવી પાર્વતીને એક જ અડધા પુરુષ અને અડધા સ્ત્રી સ્વરૂપમાં જોડતું સંયુક્ત હિન્દુ દેવતાનું સ્વરૂપ છે.

ગયા મંગળવારે, 'જમતી વખતે મમ્મી પપ્પાના ખોળામાં બેસતા હતા' તેવી ટિપ્પણી બદલ ભાજપના નેતાઓ તરફથી ટીકાનો ભોગ બનેલા

...અનુસંધાન પાના 2 પર

કચ્છમાં માર્ગ અકસ્માતમાં સૈન્ય પરિવારોના ત્રણ બાળક સહિત સાત સભ્યોનાં મોત



ઉત્તરાખંડના ગઢવાલ જિલ્લાના ત્રણ સૈન્ય પરિવારને ભુજ પરત ફરતા અકસ્માત નડ્યો

બે જવાન સૌરભ નેગી અને રાજેશ રાવતના પણ નિધન થયા, બંને ભુજમાં જ તૈનાત હતા

ભુજ (ગુજરાત), તા. 22 (PTI): ગુજરાતના કચ્છ જિલ્લામાં એક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પૂરપાટ ઝડપે આવતી ટ્રકે કારને ટક્કર મારતાં ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લાના કોટદ્વારના રહેવાસી સૈન્ય પરિવારોનાં ત્રણ બાળકો સહિત સાત સભ્યોનાં મોત નિપજ્યાં છે. આ અકસ્માત શનિવારે રાત્રે 10 વાગ્યાની આસપાસ ત્યારે થયો જ્યારે આ પરિવારો કચ્છના રણની મુલાકાત લઈને ભુજ પરત ફરી રહ્યા હતા.

ટક્કર એટલી જોરદાર હતી કે 3

...અનુસંધાન પાના 2 પર

ઓક્ટોબરમાં ભારતના ઓઈલ-ગેસ આયાત બિલમાં 60 ટકાનો ઉછાળો

જથ્થાની દૃષ્ટિએ આયાતમાં બહુ મોટો વધારો થયો નહીં પણ બ્રેન્ટ ક્રૂડના ભાવ બમણા જેવા થઇ જતાં આયાત બિલમાં મોટો વધારો થયો

ભારતમાં ક્રૂડ ઓઇલની આયાતમાં વધારો થયો જ્યારે ગેસની આયાતમાં ઘટાડો થયો

નવી દિલ્હી, તા. 22 (PTI): પેટ્રોલિયમ મંત્રાલય હેઠળના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC)ના આંકડા અનુસાર, ઓક્ટોબરમાં બ્રેન્ટ ક્રૂડનો સરેરાશ ભાવ બેરલ દીઠ ૧૨૪.૭૭ યુએસ ડોલર રહેવાને કારણે – જે એક વર્ષ અગાઉના ભાવ કરતા લગભગ બમણો છે – ભારતનું ચોખ્ખું ઓઈલ અને ગેસ આયાત બિલ વાર્ષિક ધોરણે ૬૦ ટકા વધીને ૧૬ અબજ ડોલર પર પહોંચી ગયું છે.

ઓક્ટોબર ૨૦૨૫માં ચોખ્ખું આયાત બિલ ૧૦.૦ અબજ ડોલર હતું. ક્રૂડ ઓઈલની આયાતનો જથ્થો માત્ર ૧૧ ટકા વધીને ૨૩.૩ મિલિયન ટન થયો હોવા છતાં, એકલા ક્રૂડની આયાત પાછળ ૧૯.૫ અબજ ડોલરનો ખર્ચ થયો હતો, જે એક વર્ષ અગાઉ ૧૦.૪ અબજ ડોલર હતો. એલએનજીની આયાત પાછળ ૧.૩ અબજ ડોલરનો ખર્ચ થયો હતો, જ્યારે પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસમાંથી ૬.૩ અબજ ડોલરની આવક થઈ હતી. સપ્ટેમ્બરમાં બ્રેન્ટ ક્રૂડનો સરેરાશ ભાવ ૧૧૬.૭૩ ડોલર અને ઓક્ટોબર ૨૦૨૫માં ૬૪.૭૫ ડોલર હતો. ઓક્ટોબરમાં ભારતીય બાસ્કેટનો સરેરાશ ભાવ ૧૧૯.૯૧ ડોલર રહ્યો હતો, જે એક વર્ષ અગાઉ ૬૫.૦૮ ડોલર હતો.

એપ્રિલ-ઓક્ટોબર દરમિયાન ચોખ્ખું આયાત બિલ ૯૭.૭ અબજ ડોલર પર પહોંચી ગયું છે, જે એક વર્ષ અગાઉના સમાન ગાળામાં ૭૦.૩ અબજ ડોલર હતું. ક્રૂડની આયાત જથ્થાની દ્રષ્ટિએ માત્ર ૨.૭ ટકા વધી હતી, પરંતુ તેનો ખર્ચ એક વર્ષ અગાઉના ૭૨.૩ અબજ ડોલર સામે વધીને ૧૧૧.૦ અબજ ડોલર થયો હતો. ભારતે ઓક્ટોબરમાં ૨૪.૧ મિલિયન ટન ક્રૂડ ઓઈલનું પ્રોસેસિંગ કર્યું હતું, જે ૭.૧ ટકાનો વધારો અથવા દરરોજ લગભગ ૫.૭૦ મિલિયન બેરલ દર્શાવે છે. તેમાંથી ૨૨.૦ મિલિયન ટન આયાતી ક્રૂડ હતું અને સ્થાનિક ઉત્પાદન ૨.૧ મિલિયન ટન હતું. ઓક્ટોબરમાં ક્રૂડ ઓઈલના કુલ વપરાશમાં આયાતનો હિસ્સો ૮૮.૭ ટકા રહ્યો હતો. સ્થાનિક ક્રૂડ અને કન્ડેન્સેટ ઉત્પાદન ૨.૩ મિલિયન ટન રહ્યું હતું. ઓક્ટોબરમાં કુદરતી ગેસ માટે આયાત પરની નિર્ભરતા ૫૨.૮ ટકા રહી હતી. PPACના આંકડા અનુસાર, ઓક્ટોબરમાં પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ ૨૦ ટકા રહ્યું હતું.

રાજસ્થાનમાં માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના નવનાં મોત

ખાટુ શ્યામજીના દર્શન કરીને પરત ફરી રહેલા મહારાષ્ટ્રના પરિવારને અકસ્માત નડ્યો

કોટા (રાજસ્થાન), તા. 22 (PTI): ખાટુ શ્યામજી મંદિરની તીર્થયાત્રા કરીને પરત ફરી રહેલા એક પરિવારના સભ્યોના રવિવારે વહેલી સવારે અહીં કોટા-ઉદયપુર નેશનલ હાઈવે પર રસ્તાની બાજુમાં ઊભેલા ટ્રક સાથે તેમની એમયુવી કાર અથડાતાં નવ લોકોનાં મોત નિપજ્યાં હતાં.

આ અકસ્માત રાત્રે 1 વાગ્યે ત્યારે થયો જ્યારે પીડિતો મહારાષ્ટ્રના ધુળે જિલ્લામાં આવેલા તેમના ઘરે પરત ફરી રહ્યા હતા.

પોલીસ અધિક્ષક તેજસ્વની ગૌતમે જણાવ્યું હતું કે, બાળકો અને મહિલાઓ સહિત 9 લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં જ્યારે

...અનુસંધાન પાના 2 પર

તા. ૨૨-૧૧-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૨.૬° સે.	૧૫.૪° સે.	૪૪%

યુએનની હવામાન મંત્રણામાં અશ્મિભૂત ઈંધણોના ઉલ્લેખ વગરનો કરાર થયો

48 કલાકથી વધુ ચાલેલી વાટાઘાટોમાં અનેક બાબતો પર મતભેદો પ્રવર્તતા રહ્યા

પ્રદૂષણકારી અશ્મિભૂત ઈંધણોનો ઉલ્લેખ જ અંતિમ કરારમાં ન થતા ઘણા દેશો નારાજ

અંતાલ્યા (તુર્કીયે), 22 (AP). ગ્લોબલ વોર્મિંગનું કારણ બનતા અશ્મિભૂત ઈંધણનો ઉલ્લેખ કરવો કે નહીં તે અંગેના મતભેદો વચ્ચે તુર્કીયેમાં સંયુક્ત રાષ્ટ્રો (UN)ની અંધાધૂંધીભરી આબોહવા વાટાઘાટો રવિવારે કોઈ વ્યાપક સમજૂતી પર પહોંચી શકી ન હતી. અને છેવટનો કરાર ખનિજ ઈંધણોના ઉલ્લેખ વિના જ થયો હતો.

બે અઠવાડિયા સુધી ચાલેલી આ વાટાઘાટોની શરૂઆતમાં જ અપેક્ષાઓ ઓછી હતી, પરંતુ ગ્લોબલ વોર્મિંગના મુખ્ય કારણ એવા અશ્મિભૂત ઈંધણનો સ્પષ્ટપણે સમાવેશ કરવા અને નાણાં સહિતના અન્ય મુદ્દાઓ પરની ચર્ચાઓ અસમાધાનકારી સાબિત થઈ હતી. 'કોપ૩૧' (COP31) તરીકે ઓળખાતી આ વાટાઘાટો 'કવર ડિસિઝન' તરીકે ઓળખાતા મુખ્ય કરાર વિના જ આગળ વધી હતી. આ બેઠકમાં પ્રક્રિયા અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને સ્પર્શતા નાના મુદ્દાઓ પર પહેલેથી જ પ્રગતિ થઈ ચૂકી હતી અને મુખ્ય કરાર પર નિષ્ફળતા મળ્યા પછી પણ બેઠક ચાલુ રહી હતી. આ વાટાઘાટોમાં મંજૂર થયેલો કોઈપણ કરાર લગભગ સર્વસંમતિથી પસાર થવો જરૂરી છે. ઘણા દેશો અને ૨૭-રાષ્ટ્રોના યુરોપિયન યુનિયને (EU) જણાવ્યું હતું કે તેઓ તુર્કી-ઓસ્ટ્રેલિયાના સંયુક્ત નેતૃત્વના અંતિમ પ્રસ્તાવને સ્વીકારી શકે તેમ નથી, કારણ કે

...અનુસંધાન પાના 2 પર

ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિથી પુતિન ખૂબ પ્રભાવિત

ભારતને રશિયન પ્રમુખે અનોખું, વૈવિધ્યસભર અને એકજૂથ ગણાવ્યું

મોસ્કો, તા. 22 : રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને સમયાંતરે ભારતની સાંસ્કૃતિક વિવિધતા પ્રત્યે પોતાનું આકર્ષણ વ્યક્ત કર્યું છે. તાજેતરમાં, તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની તેમની એક વાતચીતને યાદ કરી હતી અને ભારતની ભાષાકીય વિવિધતાની પ્રશંસા કરતા નોંધ્યું હતું કે દેશની અડધાથી વધુ વસ્તી પોતપોતાની આગવી ભાષાઓ બોલે છે.

સ્પુતનિકના અહેવાલ મુજબ, પુતિને એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'ઉદાહરણ તરીકે, ભારતીય સંસ્કૃતિને લો - તે સૌથી પ્રાચીન સંસ્કૃતિ છે. તે ખૂબ જ રસપ્રદ છે. હું તેના વિશે જેટલું વધુ જાણું છું, તેટલો જ વધુ આકર્ષિત થાઉં છું.'

તેમણે જણાવ્યું કે પીએમ મોદી સાથેની તાજેતરની વાતચીત દરમિયાન, તેમણે પૂછ્યું હતું કે ભારતની સત્તાવાર ભાષા કેટલા

...અનુસંધાન પાના 2 પર